માનનીય જે.વી.કાકડિયા સાહેબની સ્પીચ

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ સન્માનનીય સભાગૃહમાં મને સન 2024-25ના વર્ષના અનુદાનો માટેની માંગણીઓ પરની ચર્ચામાં બોલવાની તક મળી છે ત્યારે હું આ ગૃહ સામે અનુદાનો માટેની માંગણીઓને સમર્થન આપીને માર્ગ અને મકાન વિભાગની કેટલીક સિદ્ધિઓની વાત મૂકવા માંગુ છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

"અન્ન, વસ્ત્ર અને આવાસ" એ માનવની પ્રાથમિક અને અગત્યની જરૂરિયાતો છે. કોઈપણ માણસ માટે આ ત્રણ વસ્તુ ખૂબ જ જરૂરી છે. દરેક વ્યક્તિનું પોતાનું એક સપનું હોય છે કે, એને પોતાને રહેવા માટે ઘરનું ઘર હોય. પરિવારને માટે બે છત્ર અગત્યનાં હોય છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

આ બે છત્રમાનું એક છત્ર એટલે ઘરનો મોભ અને બીજું છત્ર એટલે ઘરનો મોભી. આ બે વસ્તુ જેની પાસે હોય છે એનો ગુજારો સારી રીતે થઈ જતો હોય છે. પરિવાર સાથે રહેવા માટે રહેઠાણ ન હોય તો આવા પરિવારને ભાડાના મકાનમાં રહેવું પડે છે. થોડાં થોડાં સમયે મકાન ખાલી કરી બીજે રહેવા જવું પડે છે. આવા પરિવારને મુશ્કેલીઓ સહન કરવી પડે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતીમાં એક કહેવત છે કે, "ઘરતીનો છેડો ઘર."

ઘરનું ઘર હોય તો પરિવાર સુખથી રહી શકે છે. આઝાદીના 70 વર્ષો પછી પણ ભારતમાં ઘણાં પરિવારો એવા હતા કે એમને રહેવા માટે પોતાનું ઘર નસીબ નહોતું થયું. દેશનાં લાખો લોકો નીચે ઘરતી પાથરીને અને ઉપર આકાશ ઓઢીને સૂઈ જતાં હતાં. એમને રહેવા માટે મકાન જ નહોતું. પણ...

**માનનીય અધ્યક્ષશ્રી,**

જ્યારથી આ દેશનું સત્તાનું સુકાન આદરણીય મોદીસાહેબના હાથમાં આવ્યું છે ત્યારથી આવા બેઘર લોકોને રહેવા માટે પોતાના નવા મકાનો મળ્યા છે. આદરણીય મોદીસાહેબે શહેરી અને ગ્રામીણ પ્રજા માટે પાકા મકાનોની અનોખી યોજના શરૂ કરી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અને પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) દ્વારા કરોડો લોકોને સરકારે પાકા મકાન ઉપલબ્ધ કરાવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હજુ થોડાં દિવસ પહેલા જ ગત 10 મી તારીખે પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતમાં એક સાથે 1 લાખ જેટલા પરિવારોને પાકા મકાનની ચાવી સોંપી હતી. મારી દૃષ્ટિએ આ ઘટના અભૂતપૂર્વ ઘટના છે. જે માટે

**માનનીય અધ્યક્ષશ્રી,**

વર્ષ 2016-17 માં પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં આવ્યા પછી ગુજરાતમાં લાખો ગરીબો માટે પાક્કા મકાનો બન્યા છે. યોજના અમલમાં આવી ત્યારથી આજ સુધીમાં ગુજરાતમાં કુલ 6,06,041 જેટલા આવાસોને મંજૂર કરવામાં આવ્યા છે. જે પૈકીના 62 ટકા જેટલા આવાસો તો મહિલાઓના નામે મંજૂર કરવામાં આવ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગામડાની પ્રજા માટે જેમ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અમલમાં છે એમ, શહેરમાં વસતા મકાનવિહોણા પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અમલમાં છે. આ યોજનાં અંતર્ગત પણ નાના મોટાં શહેરોમાં વસતા મકાનવિહોણા પરિવારો માટે કરોડો રૂપિયાના ખર્ચે લાખો આવાસનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શહેરી આવાસ યોજનામાં સરકારે 9.61 લાખ આવાસ મંજૂર કર્યાં હતા. જે પૈકી 8.28 લાખ આવાસો પૂર્ણ કર્યાં છે. જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર બન્નેએ મળીને કુલ 21655 કરોડ રૂપિયા ફાળવ્યા છે. દરેકને પોતાનું ઘર મળી રહે તે માટે સપ્રયત્નો કરવા માટે હું આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબની આગેવાની હેઠળની ભારત સરકાર અને આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાની હેઠળની ગુજરાત સરકારને અભિનંદન પાઠવું છું.

**માનનીય અધ્યક્ષશ્રી,**

સરકાર દ્વારા પોતાના કર્મચારીઓ અને અધિકારીઓ માટે પણ મકાનો ઉપલબ્ધ કરવાની યોજના છે. જેમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ માટે અલગથી જ મકાન વસાહતો ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

માર્ગ અને પુલ નિર્માણ ક્ષેત્રે પણ આપણી સરકારે મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે. બે માર્ગીય રસ્તાઓનું ચારમાર્ગીય કરણ અને ચાર માર્ગીય રસ્તાઓનું છ માર્ગીય રસ્તાઓમાં પરિવર્તન કરવું તથા મોટાં પુલોનું નિર્માણ અને ઓવર બ્રિજ તથા અંડર બ્રિજ નિર્માણ કરીને રાજ્ય માટે બહુ જ જરૂરી એવી માળખાગત સુવિધા ઉપલબ્ધ કરાવવાનું કામ ખૂબ જ અસરકારક રીતે આ સરકારે કર્યું છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

હજુ ગઈકાલે જે ઓખા-બેટ દ્વારકા બ્રિજનું લોકાર્પણ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે સંપન્ન થયું છે. સિગ્નેચર બ્રિજ તરીકે ઓળખાતા ઓખાથી બેટ દ્વારકા જવાનો આ બ્રિજ રૂપિયા 978 કરોડના ખર્ચે તૈયાર થયો છે. આ બ્રીજ 2.32 કિલોમીટર લાંબો છે. આ બ્રીજને લીધે લોકોને બેટ દ્વારકા જવામાં ખૂબ જ અનુકૂળતા રહેવાની છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

ગુજરાતમાં આજે માર્ગો અને પુલના બાંધકામનું માળખાગત કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. સૌરાષ્ટ્ર, કચ્છ, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત એમ બધી જ જગાએ માર્ગ અને મકાન વિભાગ દ્વારા રસ્તાઓનું નવીનીકરણ થઈ રહ્યું છે. નવા રસ્તાઓ અને નવા પુલો તથા ઓવર બ્રિજ અને અંડર બ્રિજો બની રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

નેશનલ હાઈવેનું કામ હોય કે સ્ટેટ હાઈવેનું. ધોલેરાને જોડતા રસ્તાના કામો હોય કે સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા રસ્તાનું કામ હોય. નેશનલ કોરિડોર અને ભારતમાલા પરિયોજનાનું કામ હોય કે ગુજરાતના કોસ્ટલ હાઈવેનું કામ હોય... આ દરેક કામો આજે ઝડપી તો બની જ રહ્યાં છે, પણ મજબૂત પણ બની રહ્યા છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

શહેરોના આંતરિક માર્ગો અને ગામડાને જોડતા માર્ગો

અને એપ્રોચ રસ્તાઓના વિકાસનું કામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે જે આ સરકારની કાર્યકુશળતા અને પ્રજાસુખાકારી માટેની મક્કમતા બતાવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી,**

બોલવાનો મારો સમય પૂર્ણ થતો હોય, આટલી વાત સદન સામે મૂકીને રહેણાંકના મકાનો અને માર્ગ તથા પુલની માંગણી નંબર 85 અને 86 સંદર્ભે રજૂ થયેલ અનુદાનોને મારું પૂર્ણ સમર્થન જાહેર કરું છું.

**જય જય ગરવી ગુજરાત**